**શ્રી ગણેશાય નમઃ**

**શ્રી નાથજી સહાય છે**

# નવચંડી યજ્ઞ તથા જાુઠાણી કુટુમ્બના પ્રથમ સ્નેહ સંમેલન અહેવાલ

**માળીયા હાટીના તા. ૦૧-૧૧-૨૦૦૭ અને ૦૨-૧૧-૨૦૦૭**

સર્વે જાુઠાણી કુટુમ્બીજનો જોગ,

જયશ્રીકૃષ્ણ સાથ નવા વર્ષના સૌ ને સાલમુબારક.

છેલ્લા છ માસથી જે પ્રસંગની આપણે પ્રતિક્ષા કરી રહ્યાં હતા તે **“નવચંડી યજ્ઞ તથા પ્રથમ જાુઠાણી કુટુમ્બ સ્નેહ સંમેલન”** નિકુંજ નાયક ગોવર્ધનધર શ્રીનાથજી પ્રભુ, કુળદેવી અંબાજી માતાજી તથા સુરધનદાદાની અસીમ કૃપાથી તેમ જ આપ સૌ ના સાથ સહકારથી ભવ્ય રીતે સંપન્ન થયેલ છે.

આ દિવ્ય પ્રસંગમાં જેમણે હાજરી આપી અને પ્રસંગ માણ્યો તેઓ તો પ્રત્યક્ષ સાક્ષી હતાં પરંતુ જેઓ આવી શકેલ નહી તેઓ આ પ્રસંગની દિવ્યતા માણી શકે તે માટે અત્રે સંક્ષીપ્ત અહેવાલ રજુ કરતાં આનંદ અનુભવીએ છીએ.

તા. ૩૧-૧૦-૨૦૦૭ના સાંજ સુધીમાં બહોળી સંખ્યામાં જાુઠાણી પરીવારજનો માદરે વતન માળીયા હાટીના આવી પહોચેલ. દુરદુરથી આવનાર સૌના મન પર આનંદ, ઉત્સાહ સાથે આ પ્રસંગ ઉજવવાની આતુરતા હતી.

તા. ૦૧-૧૧-૨૦૦૭ના સુપ્રભાતે સુર્યનારાયણ સોનેરી કિરણો પૃથ્વી ઉપર પ્રસરાવી રહ્યાં હતાં તેવાં નયન રમ્ય વાતાવરણમાં જાુઠાણી પરીવારની વિશાળ શોભાયાત્રા માળીયા હાટીનાના રાજમાર્ગ ઉપરથી બેન્ડની સુમધુર સુરાવલી તથા રાસ ગરબાની રમઝટ સાથે પ્રયાણ કરી રહી હતી. સૌ પ્રથમ સુરધનદાદાના, શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, મોમાઇ માતાજીના દંડવત પ્રણામ કરી યજ્ઞ સ્થળ શ્રી વણિક મહાજન વંડી પહોંચેલ. જયાં આચાર્યોએ મુખ્ય યજમાન તથા સહાયક યજમાનનાં કુમકુમ તિલકથી સ્વાગત કરી યજ્ઞ મંડપમાં આસન ગ્રહણ કરાવેલ.

યજ્ઞ મંડપમાં સર્વ દેવી દેવતા, સુરધનદાદાના પ્રસ્થાપન કરી વૈદિક મંત્રોચ્ચારથી હેમાદ્રી પુજન કરી સર્વ યજમાનના દેહશુદ્ધી કરાવી સવારના ૯.૩૦ કલાકે યજ્ઞના પ્રારંભ થયેલ. બપોરના ૧૨.૩૦ કલાકે આપણા પરીવારજનો વાજતે ગાજતે ત્રણેય સુરધનદાદા હરખા બાપા, વેલા બાપા, નરસિંહ બાપાના પુજનાર્થે ગયેલ. પુજન અર્ચન કરી કૌટુમ્બીક શ્રેય, શાંતી, ઐશ્વર્યતાની પ્રાર્થના કરેલ.

ગૌધવીક સમયે સાંજના ૬.૩૦ કલાકે વિશાળ માનવ સમુદાયના સાનિધ્યમાં વિધીવત બીડું હોમવામાં આવેલ જ્યારે અસ્તાચલમાં જતાં સુર્યનારાયણ પણ પોતાના સોનેરી કિરણોથી તેમ જ ગગનમાંથી દેવી દેવતાઓ પણ આપણને આર્શીવાદ વરસાવી રહ્યાં હતાં. આચાર્યોના મંત્રોચ્ચારથી સમગ્ર વાતાવરણ અદ્દભુત માહોલથી ધાર્મિકમય બની ગયેલ. પુર્ણાહુતીમાં આચાર્ય ધ્વારા સૌમાં પ્રેમભાવ, એખાલસતા તથા સુખસમૃદ્ધિ બની રહે તેવા આર્શીવચન આપેલ.

આ અનેરા પ્રસંગે ત્રણેય સુરધનદાદાને અને માળેશ્વર મંદિરમાં થાળ ધરાવેલ તથા અન્નક્ષેત્રમાં ભોજન, પાંજરાપોળના વીરડી કેમ્પમાં તેમ જ માળીયા હવેલીની ગૌમાતાઓ તથા ગૌવંશને લાપસી ખવરાવવામાં આવેલ. રાતના ૮.૩૦ કલાકે આપણા ગામના સમસ્ત વણિક સમાજ અને ગામમાંથી આમંત્રિત કરેલ અન્ય મહેમાનો સાથે સૌ એ મહાપ્રસાદ લીધેલ.

તા.૦૨-૧૧-૨૦૦૭ના કુટુમ્બના પ્રથમ સ્નેહ સંમેલનનું મંગલાચરણ તથા દિપ પ્રાગટ્યથી પ્રારંભ થયેલ. સૌ પ્રથમ આ કાર્યક્રમની ભુમિકા, આયોજન તથા આપણા પરીવારના સંક્ષીપ્ત ઇતિહાસની માહીતી પુસ્તીકા વિતરણ ધ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ દરેક પરીવારનો પરીચય સ્વંયથી કરાવવામાં આવેલ. આપણા આ પ્રસંગની એ ખુશાલી નોંધનીય છે કે આપણા પરીવારના દુર વસવાટ કરતાં અને વિખુટા પડેલ જીવાબાપાના પરીવારના વંશજ

ભાયચંદબાપા તથા બાવાબાપાના પરીવાર જેઓ ભુરખીયા અને પરવડી વસવાટ કરે છે તેના સભ્યો પણ હાજર રહયાં હતાં અને વર્ષો પછીના સુભગ મીલનથી આનંદની લાગણી પ્રસરેલ. ત્યારબાદ વડીલ વંદના કાર્યક્રમમાં ઉપસ્થિત આપણા પરીવારના ૭૫ વર્ષના અને તેનાથી વધુ વર્ષના ૧૨ વડીલોના "વડીલ વંદના" સન્માન પત્ર અને શ્રીફળ-લોટીના કેબીનેટથી નવાજવામાં આવેલ. આ પ્રસંગે આપણી પ્રણાલીકા મુજબના નિવેદ કરવામાં આવેલ અને સૌ કુટુમ્બીજનોએ પ્રસાદી લીધેલ.

કાર્યક્રમને સફળ બનાવવા આયોજકોએ જે જહેમત ઉઠાવી આવા સુંદર આયોજન, વ્યવસ્થા કર્યા તે અંગે ખુશાલી વ્યક્ત કરતાં સ્વ.શ્રી દેવજી રતનશી પરીવાર તરફથી આયોજન સમિતીના સભ્યોનું શાલ ઓઢાડી તથા સ્વ.શ્રી જગજીવનદાસ હરીદાસ પરીવાર તરફથી શ્રીનાથજી પ્રભુના ચીત્રાજી પગલાં સાથેના પ્રતિક આપી સન્માન કરવામાં આવેલ.

સમાપનમાં આયોજકો તરફથી આટલી બહોળી સંખ્યામાં હાજરી આપી, ઉજાગર કર્યા બદલ સૌનો આભાર વ્યક્ત કરેલ. આયોજકોને પણ આ કાર્યમાં પોતાની આગવી સુઝ, દીર્ઘદ્રષ્ટિ આત્મીયતાથી પ્રેરણાદાયી બની કાર્યક્રમને સફળ બનાવવા મહત્વનું યોગદાન આપ્યું તેવા શ્રી. ગોપાલદાસ જગજીવનદાસનુ સાફો પહેરાવી તથા પ્રતિકરૂપે તલવાર સન્માન કરી, હરહંમેશ આજરીતે તેમના તરફથી પ્રેરણા મળ્યા કરે તેવા આભાર લાગણી વ્યક્ત કરેલ.

રાત્રીના લોક-ડાયરા કાર્યક્રમમાં સૌએ વિશાળ સંખ્યામાં હાજરી આપી લોકગીત, સંગીત, ગઝલ, હસાયરાનો આસ્વાદ મનભરી માણેલ.

અંતમાં આ કાર્યમાં મુખ્ય યજમાનપદ શોભાવનાર સ્વ.શ્રી ગોકલદાસ મુલચંદ પરીવારના સભ્યો અને સહાયક કુંડીના યજમાનો અને અન્ય પરીવારજનો કે જેઓએ તન, મન અને ધનથી સાથ સહકાર આપ્યા, તેઓના ખુબખુબ આભાર. વિશેષમાં શ્રી. કમલેશ વૃજલાલ જેઓએ આ કાર્યની શરૂઆતમાં જ પોતાનુ યોગદાન આપ્યું તેમ જ પ્રસંગ ભવ્ય રીતે ઉજવવા જરૂર પડે તો વધુ સહાયતા આપવાનુ પ્રેરણાબળ આપ્યા. આ પ્રસંગની યાદગીરીરૂપ તેમના તરફથી નવચંડી યજ્ઞ અને સંમેલનમાં હાજર રહેનારને કુટુમ્બ દીઠ અને તેમ જ સાથે આવનાર પરીણીત દીકરાઓને મીની મુસાફરી તેમ જ બ્રીફ કેઇસ માટે વાપરી શકાય તેવી "બેગ" ભેટ આપી. તેમ જ અનેરો ઉમેરો કરતાં શ્રી..ગોપાલદાસ નાગરદાસે પ.પુ.ગો.૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના "માતૃ વાત્સલ્ય" વિશે વચનામૃતના ૧ ઓડિયો સીડી, શ્રીનાથજી પ્રભુના ચીત્રાજી પગલાં સાથેના પ્રતિક, ૧ બુક "પુષ્ટિ ભકિત ધારા" અને સ્વ.શ્રી. જગજીવનદાસ હરીદાસ પરીવારે ૧ શ્રીનાથજીના ધ્વજાજીના ચિત્રજીની લેમીનેટેડ ફ્રેમ,"રોજરોજની વાચનયાત્રા" ભાગ ૧ થી ૫ બુકના સેટ તથા તેમ જ "મુગ્ધાવસ્થાના ઉંબરે" ૧ બુક તેમ જ સં.૨૦૬૪ની સાલનું ભાગવત વીદ્યાપીઠ સોલાનું પંચાગ નવચંડી યજ્ઞ અને સંમેલનમાં હાજર રહેનારને કુટુમ્બ દીઠ આપેલ હતા. શ્રી. હરસુખભાઈ જમનાદાસે તેમના જન્મદિન ખુશાલીમાં સર્વ પરીવારજનના કાજુના મેસુબથી મોઢાં મીઠાં કરાવ્યાં. આ સર્વ કર્મ ભવિષ્યમાં થનારા આયોજન માટે પ્રેરણારૂપ અને જોમદાયક બનશે તેવા વિશ્વાસ છે.

શ્રીનાથજી પ્રભુ, અંબાજી માતાજી તથા સુરધનદાદાની સૌ પરીવાર પર અસીમકૃપા બની રહે અને આવા આયોજન પ્રતિવર્ષ થતાં રહે અને સૌના પ્રેમભાવ રહે તેવી ભાવના સાથે આભાર.

આયોજક સમિતી,

**ગોપાલદાસ જગજીવનદાસ જુઠાણી અનિલકાંત ગોકલદાસ જુઠાણી ગોપાલદાસ નાગરદાસ જુઠાણી**
**જશવંતરાય ત્રિભોવનદાસ જુઠાણી ઇશ્વરલાલ ગોપાલદાસ જુઠાણી પ્રકાશચંદ્ર ગુલાબચંદ જુઠાણી**
**કમલેશ અનિલકાંત જુઠાણી મોહનલાલ કાળીદાસ જુઠાણી મહેશચંદ્ર ત્રિભોવનદાસ જુઠાણી**

ના જયશ્રીકૃષ્ણ

## :ખાસ વિનંતી:

**૧. જેઓને નવચંડી યજ્ઞ તથા સંમેલનની એક ફોટો સીડી તથા ત્રણ ડીવીડી જોઇતી હોય તેઓ રૂા.૨૦૦-૦૦ ભરી ઓર્ડર કરશે તેઓને કુરીયર મારફત મોકલવામાં આવશે.**

**૨. વસ્તીપત્રકના ફોર્મ તથા તે માટેની સુચનાનો પત્ર આ સાથે મોકલેલ છે જે તેઓ સત્વરે મોકલી આપે. જે પરીવારજનો સંમેલનમાં આવેલ અને ફોર્મ ભરી મોકલી આપેલ હોય તો પરીણીત પુત્રીઓ પુરતી વિગત મોકલી આપે. જેથી વસ્તી પત્રક અને આંબા તૈયાર કરવાના આયોજન થઇ શકે. વધુમાં આ ફોર્મ તથા કુટુમ્બના ઇતિહાસ માહીતીના પુસ્તીકા વેબસાઇટ "www.juthani.com" ઉપરથી પણ મેળવી શકાય છે.**